રાજ્યની બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને અનુદાન સહાયનું ધોરણ સુધારવા બાબત.

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
ઠરાવ ક્રમાંક : બમશ/૧૧/૨૦૧૧/૧૬૭૦૩૬(પાર્ટ-૧)/ગ
સચિવાલય, ગાંધીનગર.
તારીખ : ૨૩/૧૦/૨૦૧૭

સંદર્ભ:-

(૧) શિક્ષણ વિભાગના તારીખ ૩૦-૦૬-૧૯૯૯ના ઠરાવ ક્રમાંક : બમશ/૧૧૯૯/૭૪૧/(૧)/ગ.
(૨) શિક્ષણ વિભાગના તારીખ ૦૨-૦૭-૧૯૯૯ના ઠરાવ ક્રમાંક : બમશ/૧૧૯૯/૭૪૧/(૩)/ગ.
(૩) શિક્ષણ વિભાગના તારીખ ૬/૭/૨૦૧૩ના ઠરાવ ક્રમાંક : બમશ/૧૧/૨૦૧૧/૧૬૭૦૩૬/ગ.
(૪) કમિશનરશ્રી, શાળાઓની કચેરીનો તારીખ ૧૫.૩.૨૦૧૭નો પત્ર ક્રમાંક : અનદ.૧/ધ/૨૦૧૭/૪૧૫૦.
(૫) કમિશનરશ્રી, શાળાઓની કચેરીનો તારીખ ૩૦.૮.૨૦૧૭નો પત્ર ક્રમાંક : ધ/અનદ.૧/૨૦૧૭/૧૫૦૧૨.

**આમુખ:-**

આ વિભાગના સંદર્ભ (૧) અને (૨) હેઠળના ઠરાવોથી રાજ્યની બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના અનુદાન સહાયનું ધોરણ નક્કી કરવામાં આવેલ છે અને સંદર્ભ (૩) હેઠળના ઠરાવથી અનુદાનિત શાળાઓને ચૂકવવામાં આવતી વર્ગદીઠ માસિક ગ્રાન્ટના દરોમાં સુધારો કરવામાં આવેલ છે.

કમિશનરશ્રી, શાળાઓની કચેરી દ્વારા તારીખ ૧૫.૩.૨૦૧૭ના સંદર્ભ (૪) હેઠળના પત્રથી તારીખ ૬.૭.૨૦૧૩ના સંદર્ભ (૩) હેઠળના ઠરાવથી બિન સરકારી અનુદાનિત શાળાઓને ચૂકવવામાં આવતી વર્ગદીઠ માસિક ગ્રાન્ટના દરોમાં હાલની મોંઘવારીને ધ્યાને લેતાં સુધારો કરવાની દરખાસ્ત કરવામાં આવેલ હતી જે અન્વયે હાલની મોંઘવારીને ધ્યાને લઇ અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને ચૂકવવામાં આવતી નિભાવ ગ્રાન્ટના પ્રવર્તમાન દરોમાં સુધારો કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ :-**

પુખ્ત વિચારણાના અંતે, આ વિભાગના સંદર્ભ (૩) હેઠળના ઠરાવથી નિયત કરવામાં આવેલ વર્ગદીઠ માસિક નિભાવ ગ્રાન્ટના દરોમાં હવે નીચે મુજબનો સુધારો કરવામાં આવે છે.

| ક્રમ | વિગત | શિક્ષણ વિભાગના તા.૬.૭.૨૦૧૩ના ઠરાવથી નિયત થયેલ વર્ગદીઠ નિભાવ ગ્રાન્ટ (માસિક) | સૂધારેલ દરો |
|---|---|---|---|
| ૧ | ૧ થી ૫ વર્ગ સુધીની શાળાઓ | ₹ ૨૪૦૦ | ₹ ૩૦૦૦ |
| ૨ | ૬ થી ૩૦ વર્ગ સુધીની શાળાઓ | ₹ ૨૦૦૦ | ₹ ૨૫૦૦ |
| ૩ | ૩૦ વર્ગથી ઉપરની શાળાઓ | ₹ ૧૪૦૦ | ₹ ૧૬૫૦ |

૨. ઉપર મુજબ સુધારેલ દરે નિભાવગ્રાન્ટ નીચે જણાવેલ શરતોને આધીન મળવાપત્ર રહેશે.

(૧) સહાયક અનુદાન, અનુદાનિત શાળાઓના સરકારશ્રીએ માન્ય કરેલા વર્ગો માટે મળવાપાત્ર થશે.

(૨) નિભાવ ગ્રાન્ટ ચૂકવણીના અર્થઘટન અંગેના હાલમાં નામ.હાઇકોર્ટમાં ન્યાયાધીન કેસો SCA No.:૧૦૭૧૪/૨૦૦૮ અને SCA No.: ૧૨૪૦૪/૨૦૦૮માં આવનાર આખરી ચુકાદાને અનુસરવાનો રહેશે.

(૩) વહીવટી સરળતા માટે આ સુધારેલા દર તારીખ ૧/૧૧/૨૦૧૭થી લાગુ પડશે.

આ વિભાગના તારીખ ૬.૭.૨૦૧૩ના સંદર્ભ (૩) હેઠળના ઠરાવની અન્ય જોગવાઇઓ યથાવત રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણા વિભાગની તારીખ ૨૩-૧૦-૨૦૧૭ના રોજ મળેલ મંજુરીથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એન.એલ.પુજારા)
સંયુક્ત સચિવ
શિક્ષણ વિભાગ

પ્રતિ,

- માન.રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, માન.મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર.
- માન.નાયમ મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી(શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી (નાણાં)ના અંગત સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી (ઉચ્ચ અને ટે.શિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, શાળાઓ, ૯/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સચિવશ્રી, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.
- મહાલેખાકારશ્રી, રાજકોટ/અમદાવાદ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રીની કચેરી, ગાંધીનગર.
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- તમામ જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ. (નિયામકશ્રી, શાળાઓ મારફતે)
- એકઝામીનરશ્રી, લોકલફંડ ઓડીટ, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ. (નિયામકશ્રી, શાળાઓ મારફતે)
- સિસ્ટમ મેનેજરશ્રી, કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાયબ સેકશન અધિકારી.
- સિલેક્ટ ફાઈલ.